# બનાસકાંઠા જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરી (તા.૨૦/૦૭/૨૦૨૦ થી તા.૨૬/૦૭/૨૦૨૦ સુધી)

(૧)

તા:-૨૦/૦૭/૨૦૨૦ ના કલાક ૧૭/૦૦ વાગે મોજે ભાભર નવા સીમ ગામે આ કામના તહો. ૧) પીન્ટુભા અજીતસિંગ જાતે રાઠોડ રહે. ભાભર નવા, દેરાસરની પાછળ તા.ભાભર (૨) શૈલેષભાઇ નાનજીજી જાતે-ઠાકોર રહે.હીરપુરા તા.ભાભર (૩) દિનેશભાઇ દેવરામજી જાતે-ઠાકોર રહે.હીરપુરા તા.ભાભર (૪) વિષ્ણુજી શ્રીરામજી જાતે-ઠાકોર રહે.હીરપુરા તા.ભાભર (૫) રોહીતભાઇ તળજાભાઇ જાતે-ઠાકોર રહે.હીરપુરા તા.ભાભર નાઓ ભાભરનવા સીમ,હિરપુરા જવાના રસ્તે હિરપુરા પ્રાથમિક શાળાની પાછળના ભાગે ખુલ્લામાં તળાવની પાળ પાસે બાવળના જાડ નીચે પોતાના અંગત ફાયદા સારૂ પૈસા વડે ગંજીપાનાથી હારજીતનો જુગાર રમી રમતા તેઓની અંગ ઝડતી તેમજ પટ ઉપરથી કુલ રોકડ રકમ રૂપિયા ૧૦૨૩૦/- તથા મોબાઇલ ફોન નંગ-૨ કી.રૂ.૯૦૦૦/- તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ એમ મળી કુલ્લે રૂ.૧૯૨૩૦/-ના મુદ્દામાલ સાથે પકડાઇ જઇ ગુનો કરેલ હોય ભાભર પો.સ્ટે. ભાગ-બી-ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૭૨૦૦૬૩૯/૨૦૨૦ જુગાર ધારા કલમ-૧૨ મુજબ નો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૨)

તા.૨૦/૦૭/૨૦૨૦ ના કલાક – ૧૬/૪૫ વાગે મોજે પાંથાવાડા હાઇસ્કુલ ની પાસે પુરોહીત પાર્લર પાસે આવેલ ખુલ્લી જગ્યા ગામે આ કામના તહોદારો(૧) રાવતાભાઇ ધનાભાઇ જાતે પટેલ ઉ.વ.૩૮ ધંધો.ખેતી રહે.ધનીયાવાડા તા.દાંતીવાડા (૨)અગરાભાઇ જગમાલભાઇ જાતે પટેલ ઉ.વ.૪૫ રહે પાંથાવાડા સરવા તા.દાંતીવાડા (૩) બગદાભાઇ હંજારીભાઇ જાતે નાઇ ઉ.વ.૫૦ ધંધો મજુરી રહે.બાપલા તા.ધાનેરા (૪) જોયતાભાઇ અનાજી જાતેપુરોહીત ઉ.વ. ૪૦ ધંધો વેપાર રહે.ગુંદરી તા.દાંતીવાડા પાંથાવાડા હાઇસ્કુલ ની પાસે પુરોહીત પાર્લર પાસે આવેલ ખુલ્લી જગ્યામાં ભેગા મળી ગોળ કુંડાળું વળી નીચે બેસી ગંજી પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડી જુગાર સાહિત્ય ગંજી પાના નંગ-૫૨ કિમત રૂ. ૦૦/૦૦ તથા અંગ જડતીના નાણા કિ.રૂ.૨૧૨૦૦/- તથા દાવના નાણા રોકડ રકમ -૬૨૦૦/- તથા મોબાઇલ નંગ-૨ કિ.રૂ. ૩૫૦૦/- એમ કુલ મુદામાલ ની કિ.રૂપિયા ૩૦,૯૦૦/- ના મુદામાલ સાથે મળી આવી પકડાઇ જઇ ગુનો કરેલ હોઇ પાંથાવાડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૫૦૩૬૨૦૦૩૫૭ જુગાર ધારા કલમ ૧૨ મુજબ નો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૩)

તા.-૨૦/૦૭/૨૦૨૦ના કલાક-૧૯/૦૦ વાગે મોજે ચુવા ગામ ચુવાથી થરાદ જતા રોડ રોડની બાજુમાં આવેલ કુંભારીયા તળાવની પાળ પાસે બાવળની ઝાડીમાં આવેલ ખુલ્લી જગ્યામાં જાહેરમાં આ કામના તહોદારોએ (૧)અજેશીભાઇ જવાભાઇ જાતે- જાતે-ગલચર(અ.જા.),ઉ.વ.-૩૦ (૨)નભાભાઇ રણછોડભાઇ જાતે- જાતે-સેંગલ(અ.જા.),ઉ.વ.-૩૩ (૩)ઇશ્વરભાઇ પુજાભાઇ જાતે- જાતે-સેંગલ(અ.જા.),ઉ.વ.-૫૦ તમામ રહે-મુ.-ચુવા,તા.-વાવ ૪) દિનેશભાઇ માવજીભાઇ તથા નં.-(૫) નારણભાઇ પ્રભુભાઇ બન્ને રહે-મુ.-ચુવા,તા.-વાવ આજ રોજ તા-૨૦/૦૭/૨૦૨૦ના કલાક-૧૯/૦૦ વાગ્યે મોજે ચુવા ગામ ચુવાથી થરાદ જતા રોડ રોડની બાજુમાં આવેલ કુંભારીયા તળાવની પાળ પાસે બાવળની ઝાડીમાં આવેલ ખુલ્લી જગ્યામાં જાહેરમાં ગંજીપાનાનો તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમી-રમાડતા રોકડ રૂપિયા-૧૦,૦૭૦/-તથા ગંજીપાના નંગ-૫૨ કિંમત રૂપિયા-૦૦/૦૦ સાથે કુલ કિંમત રૂપિયા-૧૦,૦૭૦/-ના જુગારના સાહીત્ય સાથે તહોમતદાર નં.-૧,૨,૩ મળી આવી તથા નં.-૪ અને ૫ નાશી જઇ ગુનો કરેલ હોઇ વાવ પો.સ્ટે. પાર્ટ-બી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૬૦૨૦૦૩૫૬/૨૦૨૦ જુગાર ધારા કલમ-૧૨.મુજબ નો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૪)

તા.૨૨/૦૭/૨૦૨૦ ના ક.૧૩/૩૦ વાગે મોજે ડીસા, ગાયત્રી મંદિર આખોલ ચાર રસ્તા તરફથી આવતા વાહનોના માર્ગ ઉપર આ કામે તહો ૧) અર્જુન વસંતભાઇ જાતે રાજગોર ઉ.વ.૨૧ ધંધો.સ્ટીલના કારખાનામાં મજુરી રહે.આમલી તા.સાંચોર જીલ્લો.ઝાલોર (રાજસ્થાન (૨) મુકેશ ભાટ રહે.સાંચોર (૩) વિક્રમ ભાટ રહે.સાંચોર હ્યુન્ડાઇ એસન્ટ ગાડી નંબર જીજે-૦૮-બીએન-૪૨૨૩ માં આરોપી નં.૧,૨,૩ નાઓ એકબીજાના મેળાપીપણાથી ગાડીમાં ડ્રાઇવર શીટની પાછળની શીટ નીચે ગુપ્ત ખાનું બનાવી તેમાં ગે.કા.અને વગર પાસપરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલ નંગ.૨૭૪ કિ.રૂ.૩૧,૫૧૦/- તથા મોબાઇલ નંગ-૨ કીંમત રૂ.૫૫૦૦/- તથા હ્યુન્ડાઇ એસન્ટ ગાડીની કીંમત રૂપિયા. ૧,૦૦,૦૦૦/- એમ કુલ મુદ્દામાલ કીંમત રૂ.૧,૩૭,૦૧૦/- ના મુદ્દામાલ સાથે આરોપી નં.૧ પકડાઇ જઇ આરોપી નં.૨,૩ નાઓ નાસી જઇ ગુનો કરેલ હોઇ ડીસા શહેર ઉત્તર પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૧૬૨૦૦૪૨૫/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ. ૬૫એઇ, ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબ નો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૫)

તા.૨૩/૦૭/૨૦૨૦ ક.૧૬/૦૦ વાગે મોજે રાણકપુર સબળજી પાર્ટી માં ખુલ્લી જગ્યામાં ગામે આ કામના તહોદારોએ ૧) ધર્મેન્દ્રસિંહ વિનુભા વાઘેલા રહે.રાણકપુર તા.કાંકરેજ (૨) રાહુલસિંહ શ્રવણસિંહ વાઘેલા રહે.રાણકપુર તા.કાંકરેજ રાણકપુર સબળજી પાર્ટી માં ખુલ્લી જગ્યામાં ગે.કા અને વગર પાસ પરમીટે જાહેરમાં ગંજીપાના વડે હારજીત પૈસા પાનાથી જુગાર રમી રમાડી ગંજીપાના નંગ-૫૨ કિ.રૂા.૦૦/૦૦ તથા રોકડ રકમ રૂા.૧૦૨૦૦/- ના મુદ્દામાલ સાથે પોલીસ રેઇડ દરમ્યાન બે ઇસમો પકડાઇ જઇ તથા પાંચ ઇસમો નાશી જઇ ગુનો કરેલ હોઇ થરા પો.સ્ટે.પાર્ટ-બી-ગુ.ર.નં.૧૧૧૯૫૦૫૧૨૦૦૫૧૮/૨૦૨૦ જુગાર ધારા ક.૧૨ મુજબ .નો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૬)

તા.૨૨/૦૭/૨૦૨૦ ના ક.૨૩/૫૦ વાગે મોજે થરાદ હર્ષ બંગ્લોજ ગામે આ કામના આરોપીઓ ગે.કા અને વગર પાસ પરમીટે જાહેરમા હારજીતનો તીનપતી જુગાર રમતા રોકડા રૂા.૧૧૪૧૦/- તથા મોબાઇલ નંગ-૦૩ કિ.રૂા.૧૫૦૦૦/- મળી કુલ રૂા. ૨૬૪૧૦/- ના મુદ્દામાલ સાથે મળી આવી તેમજ રાત્રીના દસ વાગ્યા પછીના સમય ગાળામાં રાત્રી કરફ્યુ હોઇ હાલમાં વૈશ્વિક મહામારીમાં કોરાના વાઇરસનું સંક્રમણ ફેલાય નહી તે સારૂ રાજય સરકારના નિર્દેશોનું પાલન કરેલ ના હોઇ મહે. જીલ્લા મેજીસ્ટ્રેટર સાહેબશ્રી બનાસકાંઠા પાલનપુર નાઓના જાહેરનામા નં.ડી/એમએજી/૧/કોવીડ/જા.ના.૧૨૧/ વશી. ૧૦૫૮૧ થી ૧૦૬૫૬ તા.૩૦/૦૬/૨૦૨૦ ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોઇ થરાદ પો.સ્ટે. ગુ.ર.નં-૧૧૧૯૫૦૫૦૨૦૦૬૭૯ જુગાર ધારા કલમ. ૧૨ તથા ઇ.પી.કો ક. ૧૮૮,૨૬૯ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી) મુજબ નો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૭)

તા.૨૪/૦૭/૨૦૨૦ ના કલાક- ૧૮/૩૦ મોજે જડીયાલી ત્રણ રસ્તા આ કામે ગાડી નં-G.J.8.R.1063 ના ચાલક મનવરભાઇ ભાખરારામ વિશ્નોઇ તથા તેમની બાજુમાં બેઠેલ બંસીભાઇ જાલારામ વિશ્નોઇ રહેવાસી બન્ને સાંકળ તા.સાચોર જી. જાલોર(રાજસ્થાન) વાળાએ પોતાના કબજા ભોગવટાની ગાડીમાં ભારતીય બનાવટના વિદેશીદારૂ/બીયર ની બોટલ નંગ-૭૫૩ કિમત રૂ-૮૭૭૬૦/- તથા મોબાઇલ નંગ-૨ કિ.રૂ-૧૦૦૦/- તથા ગાડીની કિમત રૂ-૧૦૦૦૦૦/- ની ગણી કુલ કિમત રૂ-૧,૮૮,૭૬૦/- ના મુદ્દામાલ સાથે ગે.કા રીતે હેરાફેરી કરતા પકડાઇ જઇ તથા કમશીભાઇ ઠાકોર રહેવાસી વાલેવડા તા.દશાડા જી. સુરેન્દ્રનગર વાળાએ દારૂ મંગાવી એકબીજાનુ મેળાપીપણુ કરી ગુનો કરેલ હોઇ આગથળા પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં.-૧૧૧૯૫૦૦૧૨૦૦૫૪૩ ધી. પ્રોહી કલમ ૬૫ A E,૧૧૬(૨), ૯૮(૨),૯૯,૮૧ મુજબ નો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૮)

તા.૨૫/૦૭/૨૦૨૦ ના ક.૦૫/૪૫ વાગે મોજે થરાદ માર્કેટયાર્ડ પાછળના જનતા હાઈસ્કુલ ની બાજુના મેદાનમાં ગામે આ કામના તહોમતદાર પીક અપ ડાલુ નં. GJ-12-AU-2465 ચેસીસ નંબર MA1ZG2GBKS1J36088 તથા એન્જીન નંબર GBS1J95172ના ચાલક દિપકભાઈ શીવરામભાઈ માજીરાણા રહે.-માંગરોળવાળા પીક અપ ડાલામાં ગે.કા. વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ પેટી નંગ-૦૭ બોટલ નંગ-૩૩૬ ના કુલ કિ.રૂા.૩૩૬૦૦/- નો ભરી હેરાફેરી

કરી તથા મોબાઈલ નંગ-૧ કિ.રૂ.૫૦૦૦/- તથા પીક અપ ડાલાની કિ.રૂ.૧,૫૦,૦૦૦/- તથા મારુતી સુઝુકી અલ્ટો ગાડી કિં.૭૦૦૦૦ મળી કુલ કિ.રૂ. ૨૫૮,૬૦૦/-ના મુદ્દામાલ સાથે પીક અપ ડાલાનો ચાલક મળી આવેલ નહી તથા ગિરધરભાઈ ઉર્ફે બન્ટી માંનાભાઈ જાતે-સોલંકી રહે.-વજીરવાસ,રાજગઢીની બાજુમાં,થરાદ ટાઉન તા.-થરાદ.જી.-બનાસકાંઠાવાળો પકડાઈ ગયેલ હોય ગુનો કરેલ હોઇ થરાદ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૫૦૫૦૨૦૦૬૮૯ પ્રોહી. એક્ટ ક.૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨),૮૧ મુજબ નો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૯)

તા:-૨૬/૦૭/૨૦૨૦ ના કલાક ૧૬/30 વાગે મોજે ભાખરી ગામની સીમમાં આથમણા વાસ નામથી ઓળખાતા ખેતરમાં ગામે આ કામના ત્હોમતદારો (૧)અમરતભાઇ હમીરભાઇ જોષી ઉ.વ-૩૩ ધંધો-ખેતી રહે-ભાખરી બસ સ્ટેન્ડની બાજુમાં તા-વાવ (૨) બાલારામભાઇ ભાણજીભાઇ જાતે-આશલ (બ્રામણ) ઉ.વ-૨૮ ધંધો-ખેતી રહે-ભાટવર વાસ પ્લોટ વાસ તા-વાવ (૩)ખોડાભાઇ અમીરામભાઇ જાતે-જોષી ઉ.વ-૩૫ ધંધો-ખેતી રહે-ભાખરી હનુમાન મંદિર પાસે તા-વાવ (૪)ભરતકુમાર રામજીભાઇ જોષી ઉ.વ-૩૫ ધંધો-ખેતી રહે-ધરણીધર સોસાયટી નગર હાઇવે રોડ થરાદ વાવ તા-થરાદ (૫)પોપટભાઇ રામચંદભાઇ જાતે-બ્રામણ ઉ.વ-૪૦ ધંધો-ખેતી રહે-દેથળી રોડ ઉપર ખેતરમાં માડકા તા-વાવ (૬)દશરથભાઇ ઇશ્વરભાઇ જાતે-બ્રામણ ઉ.વ-૩૦ ધંધો-ખેતી રહે-ભાચલી બ્રામણ વાસ તા-વાવ (૭)ભરતભાઇ મગનભાઇ જાતે-જોષી ઉ.વ-૨૩ ધંધો-ખેતી રહે-ભાખરી તા-વાવ (૮)જયરામભાઇ લખમણભાઇ જાતે-આશલ ઉ.વ-૩૩ ધંધો-ખેતી રહે-ખડોલ તા-વાવ (૯)પ્રવિણભાઇ ભાણજીભાઇ જાતે-બ્રામણ ઉ.વ-૩૫ ધંધો-ખેતી રહે-ભરડવા તા-સુઇગામ ભાખરી ગામની સીમમાં આથમણા નામથી ઓળખાતા ખેતરમાં ખુલ્લામાં ગંજીપાના તથા પૈસાથી જુગાર રમી રમાડી તથા રોકડ રૂ.૨૬,૧૫૦/- તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા પાથરણુ કિ.રૂ.૦૦/૦૦ એમ કુલ રૂ.૨૬,૧૫૦/- ના મુદામાલ સાથે નવ ઇસમો પકડાઇ ગયેલ હોઇ જેઓએ હાલમાં કોરાના વાયરસનુ સંક્રમણ ફેલાય હોઇ અને સદરે સોશિયલ ડિસટન્સનો ભંગ કરી કોરાના વાયરસનુ સંક્રમણ ફેલાય તેવુ કૃત્ય કરી બેદરકારી દાખવી જાહેનામાનો ભંગ કરી ગુનો કરેલ હોઇ વાવ પોલીસ સ્ટેશન ગુર.નં.૧૧૧૯૫૦૬૦૨૦૦૩૬૮/૨૦૨૦ જુગાર ધારા કલમ-૧૨ તથા ઇ.પી.કો. કલમ-૧૮૮,૨૬૯ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ કલમ-૫૧(૧)બી મુજબ નો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.